# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બોટાદ, દ્વારા કાર્યરત બોટાદ જીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૧/૨૨

આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બોટાદ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા ઓગસ્ટ-૨૦૨૨ સુધીની ખાલી થનાર સંભવિત જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી કાર્યકર અને તેડાગરની કુલ જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૦૪ | ૦૬ | ૩૪ | ૫૦ | ૮૪ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદાર શ્રી દ્વારા ઈશ્યુ કરેલ રહેવાસી અંગેનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩વર્ષ થી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન-૨૧ માં તા.૧૪/03/૨૦૨૨ (00.00 am) થી તા.03/0૪/૨૦૨૨ (રાત્રે ૧૨:00 કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે .આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર ૭૮૦૦/- રૂ. આંગણવાડી તેડાગર ૩૯૫૦/- રૂ. ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર ની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે બોટાદ જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.
- ઉપરોક્ત જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર માટે ભરતીનો બીજો પ્રયત્ન છે

| આંગણવાડી કાર્યકર | | આંગણવાડી તેડાગર | |
|---|---|---|---|
| ગામનું નામ | આંગણવાડી નું નામ | ગામનું નામ | આંગણવાડી નું નામ |
| મોટા છૈડા | મોટા છૈડા | લાઠીદડ | લાઠીદડ-૫ |
| | | ચિરોડા | ચિરોડા |
| તુરખા | તુરખા-૫ | રાજપીપળા | રાજપીપળા-૨ |
| | | ઈતરીયા | ઈતરીયા-૨ |
| લાખણકા | લાખણકા-૩ | પીપળ | પીપળ |
| | | ગુંદા | ગુંદા-૧ |
| ઈશ્વરીયા | ઈશ્વરીયા | નવા નાવડા | નવા નાવડા |
| | | બરવાળા | બરવાળા-૧૦ |

-સહી-
(પી.ડી.પલસાણા)
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત બોટાદ

નં.ડી.પી./આઈ.સી.ડી.એસ/મકમ/૧૦૧/વશી/૨૦૨૨